ગુરુવાર, ૧૫-૨-૨૦૧૮

# મુંબઈ સમાચાર

MUMBAI SAMACHAR

# મહાલક્ષ્મીમાં જિમખાના બનાવવા સેના-કૉંગ્રેસ ભાઈ-ભાઈ

- કૉંગ્રેસની મદદથી જિમખાનાનો પ્રસ્તાવ મંજૂર
- વિરોધ નોંધાવીને ભાજપે કર્યો સભાત્યાગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* મહાલક્ષ્મીમાં મુંબઈ મહાનગરપાલિકાની માલિકીની જર્જરિત થયેલી બે ઈમારત તોડી પાડીને ત્યાં પાલિકાના અધિકારીઓ માટે જિમખાના બનાવવામાં આવવાનું છે, ત્યારે અહીં અધિકારીઓ માટે જિમખાનું બનાવવાને બદલે મેયર માટે પર્યાયી બંગલો બનાવવાનું વધારે જરૂરી હોવાનો દાવો ભાજપે કર્યો હતો પણ સત્તાધારી શિવસેનાએ ભાજપના દબાણ સામે નહીં ઝૂકતા વિપક્ષ કૉંગ્રેસની મદદથી જિમખાનાનો પ્રસ્તાવ મંજૂર કરતા ભાજપે સ્થાયી સમિતિમાં સભાત્યાગ કરીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

પાલિકાના ‘જી-દક્ષિણ’ વોર્ડમાં મહાલક્ષ્મીમાં કેશવ ખાડે માર્ગ પર પાલિકાની માલિકીની બે ઈમારત આવેલી છે. આ ઈમારત જર્જરિત હોવાને કારણે તેને તોડી પાડીને એ પ્લોટ પર અધિકારીઓ માટે જિમખાનું બનાવવામાં આવવાનું છે. તે માટે કૉન્ટ્રેક્ટર પણ નક્કી કરી દેવામાં આવ્યો છે. આ કામ માટે લગભગ ૪૮ કરોડ ૭૫ લાખ ૨૪ હજાર ૭૮૪ રૂપિયાનો ખર્ચ થવાનો છે. તેને લગતો પ્રસ્તાવ સ્થાયી સમિતિમાં મંજૂરી માટે આવ્યો હતો. આ પ્રસ્તાવ પર ભાજપે જોરદાર વિરોધ દર્શાવ્યો હતો. આ પ્લોટ પર જિમખાનું

(જુઓ પાનું ૭) ▸▸

## દરાડે દંપતી માટે ભાજપની રમતઃ સેના

મલબાર હિલમાં પાલિકાની માલિકીના બંગલામાં આઈએએસ દંપતી પાલિકાના ભૂતપૂર્વ એડિશનલ કમિશનર પલ્લવી દરાડે અને એમએમઆરડીએના એડીશનલ કમિશનર પ્રવીણ દરાડે રહે છે. પલ્લવી દરાડેની પાલિકામાંથી બદલી થયા બાદ પણ તેમણે આ બંગલો ખાલી કર્યો નથી. પાલિકાએ બંગલો ખાલી કરવા માટે અનેક નોટિસ આપ્યા બાદ પણ તેમણે ખાલી કર્યો નથી. આ દરમિયાન દરાડે દંપતી આ બંગલો ખાલી કરશે નહીં એવો પત્ર સરકાર તરફથી પાલિકાને મોકલવામાં આવ્યો નથી.

(જુઓ પાનું ૭) ▸▸




**‘ભ્રષ્ટ’ પ્રેમ...** વેલેન્ટાઇન્સ ડે નિમિત્તે પાલિકાના ભ્રષ્ટ અધિકારીઓ અને ભ્રષ્ટ કૉન્ટ્રેક્ટરો વચ્ચેનો ‘પ્રેમ કૌભાંડ’ને એક સંસ્થા દ્વારા અનોખી રીતે દર્શાવી લોકોમાં જાગરૂકતા લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. (અમય ખરાડે)

# બેસ્ટ કર્મચારીની હડતાળ હાલ પૂરતી પાછી ખેંચાઈ

- કોર્ટના આદેશ બાદ પીછેહઠ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ :* આર્થિક સંકટમાં રહેલી બેસ્ટને બચાવવા માટે ખાનગી બસ ભાડા પર લેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો પણ આ ખાનગીકરણને કારણે કર્મચારી અને કામગાર સંઘટનામાં ભારે નારાજગી વ્યાપી ગઈ હતી અને તેઓએ ૧૫ ફેબ્રુઆરીથી હડતાળ પર ઊતરી જવાની ચીમકી આપી હતી. જોકે બસ ભાડા પર લેવાનું પ્રકરણ કોર્ટમાં હોવાને કારણે કર્મચારીઓ હડતાલ પર જવું નહીં એવો આદેશ ઈન્ડસ્ટ્રિયલ કોર્ટે આપતા યુનિયને હાલ પૂરતી હડતાળને પાછી ખેંચી લીધી છે.

આર્થિક કટોકટીનો સામનો કરી રહેલી બેસ્ટ પ્રશાસન પાસે પોતાના કર્મચારીઓને પગાર આપવા માટે પણ પૈસા બચ્યા નથી. તેથી મુંબઈ મહાનગરપાલિકાના કમિશનરની સૂચના મુજબ તૈયાર કરવામાં આવેલા ઍક્શન પ્લાન મુજબ

(જુઓ પાનું ૭) ▸▸

## કમોસમી વરસાદ: કેન્દ્ર પાસેથી સરકારે માગ્યા ₹ ૨૦૦ કરોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* વિદર્ભ અને મહારાષ્ટ્રના ભાગોમાં કમોસમી વરસાદ અને કરાં પડવાને લીધે પાકને થયેલા પારાવાર નુકસાનને ધ્યાનમાં લઈ મહારાષ્ટ્ર સરકારે કેન્દ્ર સરકાર પાસેથી રૂ. ૨૦૦ કરોડની મદદ માગી છે. બે લાખ હેક્ટર જેટલા ખેત વિસ્તારને અસર થઈ છે, તેમ કૃષિ પ્રધાન પાંડુરંગ ફુંડકરે જણાવ્યું હતું. મોટા ભાગના વિસ્તારોનું પંચનામું થઈ ગયું છે. અત્યાર સુધીમાં ૧૯૦૦ ગામ અસરગ્રસ્ત થયાનું તેમણે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે હું ૨૨મી તારીખે દિલ્હી જઈ કેન્દ્રીય કૃષિ પ્રધાનને મળીશ. જોકે કેન્દ્ર પાસેથી અત્યારથી જ રૂ. ૨૦૦ કરોડની માગ કરી છે. અસરગ્રસ્ત ખેડૂતોને વળતર આપવામાં આવશે. જોકે વિરોધ પક્ષે આક્ષેપ કર્યો હતો કે હજુ ઘણા વિસ્તારોમાં અધિકારીઓ પંચનામું કરવા આવ્યા નથી. તેમણે સરકાર ખેડૂતોની સમસ્યાઓ સમજવા અને ઉકેલવામાં ઢીલ કરી રહી હોવાનો આક્ષેપ કર્યો હતો. ■

## ગૃહ પ્રધાનના દબાણથી અધિકારીએ લીધી સ્વૈચ્છિક નિવૃત્તિ?

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* રાજ્ય સરકાર સાથે લગભગ ૨૫ વર્ષથી જોડાયેલા અધિકારીએ પ્રધાનના દબાણને લીધે સ્વેચ્છા નિવૃત્તિ લેવાનું જાહેર કર્યું છે, અકોલા જિલ્લા પરિષદના એડિશનલ ચીફ ઑફિસર ડૉ. સુભાષ પવારે સ્વેચ્છા નિવૃત્તિ માટે અરજી કરી છે અને રાજ્યકક્ષાના ગૃહ પ્રધાન રણજિત પાટીલે તેમને નિયમબાહ્ય કામ કરવાનું દબાણ કર્યું હોવાનો આક્ષેપ તેમણે કર્યો હતો. બાંધકામ વિભાગની નિયમ બહારના ટેન્ડરને મંજૂર કરવા માટે દબાણ કરવામાં આવતું હોવાનો આક્ષેપ કર્યો હતો આ સાથે તેમની સાથે અપમાનજનક વર્તન કર્યાનો આક્ષેપ પણ તેમણે કર્યો હતો. તેમના આ પત્રને લીધે રણજિત પાટીલની મુશ્કેલીઓ વધી શકે છે, તેમ લાગી રહ્યું છે.

શિવસેનાનાં નેતા નિલમ ગોરેએ આ પ્રકરણની તપાસની માગ મુખ્ય પ્રધાન સામે કરી હતી. જોકે પાટીલે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે ટેન્ડરની મંજૂરીનો કોઈ વિષય નથી. લોકોની ફરિયાદોના નિવારણનો વિષય હતો. લોકો દોઢસો કિલોમીટરથી વારંવાર આવતા હોય છે, પરંતુ કામ થતાં નથી. જે ઘટના બની છે તે તમામ સામે બની છે. ■

## સાસુ-સસરાની સેવાઃ મહિલા અધિકારીને મળશે બદલી, કેબિનેટમાં નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* સરકારી વિભાગમાં નોકરી કરતી મહિલાઓના પતિના માતા-પિતા એટલે કે સાસુ કે સસરા કોઈ ગંભીર બીમારીથી પીડાતા હોય અને તેની સારવાર કરવાની જરૂરી હોય તો મહિલા અધિકારી બદલી માટે અજી કરી શકે છે, તેવો નિર્ણય કેબિનેટમાં લીધો છે. લગભગ આ પ્રકારનો આવો પહેલો નિર્ણય હશે જ્યાં પરિણીત મહિલાને સાસુ-સસરાની સેવા કરવા માટે બદલીની સુવિધા આપવામાં આવી હોય. આ માટે મહેસૂલ વિભાગના ૨૦૧૫ના નિયમમાં પણ સુધારો કરવામાં આવ્યો છે. સરકારના નિયમ પ્રમાણે પોતાની અથવા પોતાના પતિ કે પત્નીની કે બાળક અને અવલંબિત માતા-પિતાની સારવાર-સેવા કરવા માટે બદલી કરવાનો નિયમ હતો. આ નિયમમાં ફેરફાર કરી મહિલા અધિકારીને સાસુ-સસરાની સેવા કરવા માટે બદલી માગવાનો હક આપવામાં આવ્યો છે. ■

## પુસ્તકોના વિષયવસ્તુને તપાસવા કમિટી બેસાડાશે

- વિરોધ પક્ષની ટીકાને લીધે સરકારે લેવો પડ્યો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* વિદ્યાર્થીઓને પૂરક વાંચન માટે આપવામાં આવતાં પુસ્તકોમાંનાં બે પુસ્તકોના વિષયવસ્તુને લઈને વિરોધ પક્ષોએ દેકારો મચાવતા સરકારે ખાસ નિષ્ણાતોની કમિટી બેસાડવાની ફરજ પડી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીનાં પુસ્તકો, પુસ્તકોની ખરીદીમાં કથિત ગોટાળો અને વિષયવસ્તુને લઈને શિક્ષણ પ્રધાન વિનોદ તાવડે પર પસ્તાળ પાડવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે નિષ્ણાતોએ જ્યારે આ પુસ્તકોને પસંદ કર્યા ત્યારે આવી કોઈ વિષયવસ્તુ હોવાનું જણાયું ન હતું.

ભારતીય વિચાર સાધના દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા પુસ્તક બાલ નચિકેતમાં કૌમાર્ય ખોઈ બેસવું, જાતીય આનંદ, શારીરિક ઈચ્છાઓ જેવા શબ્દોનો ઉપયોગ થયો છે, જે બાળકો માટે યોગ્ય ન કહેવાય, તેવો આક્ષેપ કૉંગ્રેસના નેતા રાધા કૃષ્ણ વિખે પાટીલે કર્યો હતો. અન્ય એક પુસ્તકમાં મત્સ્યગંધાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે પોતાના શરીરની સુગંધની વાત કરે છે.

પુસ્તકના સંવાદો જાતીયતાને લગતા છે,

(જુઓ પાનું ૭) ▸▸

## દાદર સ્ટેશન પર મહિલાએ આપ્યો શિશુને જન્મ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* છેલ્લા છ મહિનામાં વનરૂપી ક્લિનિકનું મેડિકલ ઈમર્જન્સી મેડિકલ રૂમ સતત ત્રીજી વખત નવજાત શિશુની કિલકારીઓથી ગૂંજી ઉઠ્યું હતું. બુધવારે દાદર સ્ટેશન પર જ મહિલાની પ્રસૂતિ થઈ હોવાનું વનરૂપી ક્લિનિકના ડૉક્ટરે જણાવ્યું હતું.

મધ્ય રેલવે પર પ્રવાસીઓને તાત્કાલિક સારવાર મળી રહે એ હેતુથી વનરૂપી ક્લિનિકની શરૂઆત કરવામાં આવી હતી. ઈજાગ્રસ્ત પ્રવાસીઓની સાથે સાથે ગર્ભવતી મહિલાઓ માટે પણ આ ક્લિનિક ફાયદાકારક પુરવાર થઈ રહ્યું હોય એવું લાગી રહ્યું છે.

છ મહિનાની અંદર ત્રીજી વખત ઈમર્જન્સી મેડિકલ રૂમ (ઈએમઆર) નવજાત શિશુની કિલકારીઓથી ગૂંજી ઊઠ્યું હતું. બુધવારે કલવાથી દાદર વચ્ચે પ્રવાસ કરી રહેલી મહિલા પ્રવાસી જ્યોતિ પવાર આઠ મહિનાની

(જુઓ પાનું ૭) ▸▸

## સહકારી મંડળી પાસેથી સરકાર ખરીદશે પચીસ ટકા સાકર

*મુંબઈ:* ખાંડની કૉઓપરેટિવ્સ દ્વારા કુલ ઉત્પાદન કરાયેલી પચીસ ટકા ખાંડ ખરીદવા માટેનો પ્રસ્તાવ રાજ્ય સરકારના સહકારી વિભાગ દ્વારા મૂકવામાં આવ્યો છે. શરેડીનું ઉત્પાદનકર્તાઓને ખાંડની કૉઓપરેટિવ્સ પાસેથી હજી નાણાં મળ્યાં ન હોવાને કારણે તેમની સમક્ષ આ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. નામ ન જણાવવાની શરતે સહકારી વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન

(જુઓ પાનું ૭) ▸▸

## ગુડ મૉર્નિંગ

સૌરભ શાહ

saurabh.shah@bombaysamachar.com

### ‘જેમ છે, જ્યાં છે, જેવી છે’

પ્રેમ કરતાં પહેલાં ચોથી વાત એ ધ્યાનમાં રાખવાની કે જે વ્યક્તિને તમે પ્રેમ કરવા જઈ રહ્યા છો એને એનો ભૂતકાળ હોવાનો છે. અત્યારે તમને એ વ્યક્તિ પ્રેમમાં પડવા જેવી લાગી રહી છે એનું કારણ પણ એનો ભૂતકાળ જ છે. ભૂતકાળના અનુભવો, વિચારોને કારણે એનું વ્યક્તિત્વ ઘડાયેલું છે. એ વ્યક્તિને ભૂતકાળમાં જે વાતાવરણમાં ઉછેર થયેલો છે એ પણ એના વ્યક્તિત્વનો અનિવાર્ય હિસ્સો છે. તમારે એના સમગ્ર ભૂતકાળને સ્વીકારવાની તૈયારી સાથે એના પ્રેમમાં પડવું પડશે. સિલેક્ટિવ બનો તે નહીં ચાલે. ભૂતકાળના જે હિસ્સાઓની તમને ખબર ન હોય પણ વખત જતાં ખબર પડતી જાય તો એ હિસ્સાઓને પણ કોઈ રીતે જજમેન્ટ્લ બન્યા ઉદારતાપૂર્વક સ્વીકારવાની તૈયારી રાખવી પડે. આવું લખવું કે વાંચવું ઘણું સરળ લાગતું હશે, પણ એનું અમલીકરણ ઘણું કપરું છે. આવા કપરા માર્ગે જવાની તૈયારી હોય તો જ પ્રેમમાં પડવું અન્યથા અકેલે હમ, અકેલે તુમ... ગાયા કરવું.

તમને તમારો ભૂતકાળ છે, ભૂતકાળની સિદ્ધિઓ અને ભૂતકાળની ભૂલો છે. સામેની વ્યક્તિ જ્યારે તમને સમગ્રતયા સ્વીકારે છે ત્યારે જ પ્રેમની તમામ રંગછટાઓ, પ્રેમના તમામ શેડ્સ તમારા અંતરતમને મેઘધનુષી બનાવે છે. જો એ સિલેક્ટિવ રહીને તમને ટોક્યા કરશે કે તમે ભૂતકાળમાં આટઆટલી વાતો જે કહી તે મને મંજૂર નથી તો આ મેઘધનુષ ખીલવાનું નથી. તમારા ભૂતકાળની જે વાતો એને મંજૂર ન હોય એ વિશે વર્તમાનમાં તમે શું કરી શકવાના? એને ભૂંસવી તો શક્ય નથી જ. તમારા

(જુઓ પાનું ૭) ▸▸

## મુંબઈની હવાની ગુણવત્તામાં થયો સુધારો

*મુંબઇઃ* ઉત્તરી પવનોને કારણે મુંબઇની હવાની ગુણવત્તામાં સુધારો થયો છે, જોકે એને કારણે રાત્રીનું હવામાન ઠંડુ હોવાથી પરોઢમાં પણ વાતાવરણમાં ઠંડક જણાય છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ગયા અઠવાડિયે ધીમા પવનોને કારણે મુંબઇની હવાની ગુણવત્તા નબળી હતી અને આકાશ પણ વાદળછાયું રહ્યું હતું, એમ ભારતીય વેધશાળાના મુંબઇ ખાતેના વૈજ્ઞાનિક અજય કુમારે માહિતી આપી હતી. જોકે ઉત્તરી પવનો હવે દિશા બદલી રહ્યા હોવાથી ધીમે ધીમે મુંબઇના રાત્રીના તાપમાનમાં વધારો થશે.

ગુરુવારે અને શુક્રવારે મુંબઇનું લઘુતમ તાપમાન સામાન્ય કરતાં ઓછું રહેશે, પરંતુ ધીમે ધીમે રાત્રીના તાપમાનમાં વધારો થતો જશે. બુધવારે સવારે મુંબઇનું ઉષ્ણતામાન ૧૬.૮ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું જે સામાન્ય કરતાં ૧.૮ ડિગ્રી સેલ્સિયસ ઓછું હતું, એમ વેધશાળાએ જણાવ્યું હતું. રવિવારથી શહેરનું તાપમાન સામાન્ય કરતાં ઓછું રહ્યું છે. (પીટીઆઇ) ■

## સોહરાબુદ્દીનની હત્યાનું કાવતરું રચાયેલુંઃ વકીલ

*મુંબઈ:* સોહરાબુદ્દીન શેખ, તેની પત્ની કૌસર બી અને સાથી તુલસીરામ પ્રજાપતિની હત્યા ગુજરાત અને રાજસ્થાન પોલીસના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા રચાયેલું કાવતરું હતું, એમ સોહરાબુદ્દીનના ભાઇ રુબાબુદ્દીન શેખે મુંબઈ હાઇ કોર્ટને બુધવારે જણાવ્યું હતું.

રુબાબુદ્દીનના વકીલ ગૌતમ તિવારીએ આક્ષેપ કર્યો હતો કે મુખ્ય આરોપી ગુજરાત એટીએસના વરિષ્ઠ અધિકારીઓ ડી. જી. વણઝારા અને રાજકુમાર પંડિયન તથા રાજસ્થાનના આઇપીએસ અધિકારી દિનેશ એમએનને નકલી એન્કાઉન્ટરનું કાવતરું રચ્યું હતું. ઉક્ત ત્રણેયને કેસમાંથી મુક્ત કરવામાં આવ્યા છે.

દિનેશ એમએનને કેસમાંથી મુક્ત કરવા સામે દલીલ કરતા તિવારીએ દાવો કર્યો હતો કે તેઓ ઉદયપુરમાં સુપરિન્ટેન્ડેન્ટ પોલીસ હતા ત્યારે નવેમ્બર, ૨૦૦૫માં અમદાવાદ જઇ કાવતરામાં સામેલ અન્ય પોલીસ અધિકારીઓને મળીને સોહરાબુદ્દીન તથા તેની પત્નીની ધરપકડ કરી તેમની હત્યા કરી હતી. (પીટીઆઇ) ■

## મેટ્રો-ચારનું કામકાજ એપ્રિલથી શરૂ થશે

- ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને એલબીએસ માર્ગ પર ટ્રાફિકની સમસ્યા સર્જાશે

*મુંબઇઃ* એપ્રિલ મહિનાથી મેટ્રો-ચાર કોરિડોર (વડાલા-થાણે-કસારવડવલી)નું કામ શરૂ થવાનું હોવાથી ઇસ્ટર્ન એક્સ્પ્રેસ હાઇવે અને એલબીએસ માર્ગ પર વાહનચાલકને ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડશે. વેસ્ટર્ન એક્સપ્રેસની જેમ જ મેટ્રોના કામ માટે ઇસ્ટર્ન સબર્બમાં આવેલા આ બે મોટા રોડ પર આવેલ અમુક લેન પર બેરિકેડ લગાવવામાં આવશે.

મુંબઇ મેટ્રોપોલિટન રિજનલ ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ સોમવારે મેટ્રો-ચારના કામ માટેની બીડ ખુલ્લી મૂકી હતી. અધિકારીના જણાવ્યા અનુસાર એમએમઆરડીએ દ્વારા લગાવવામાં આવેલા ખર્ચના અંદાજ કરતા ૧.૩૬ ટકા ઓછા ખર્ચની સૌથી નીચી બીડ મળી છે.

એમએમઆરડીએના એડિશનલ મેટ્રોપોલિટન કમિશનરના જણાવ્યા અનુસાર માર્ચ મહિનામાં મેટ્રો-ચારના કામ માટે માટીની ચકાસણી કરવાનું કામ શરૂ થશે અને એપ્રિલમાં પૂર્ણપણે કામ શરૂ થઇ જશે. તેને પગલે ઇસ્ટર્ન એક્સ્પ્રેસ હાઇવે અને એલબીએસ માર્ગ પર બેરિકેડ મૂકવામાં આવશે અને

(જુઓ પાનું ૭) ▸▸

## બૉમ્બ ડિસ્પોઝલ સ્કવૉડમાં સામેલ થશે બે રૉબોટ

*મુંબઈ:* મહારાષ્ટ્ર પોલીસની બૉમ્બ ડિટેકશન ઍન્ડ ડિસ્પૉઝલ સ્કવૉડ (બીડીડીએસ)ની ટીમમાં બે રૉબોટ સામેલ થવાના છે. આ રૉબોટ બૉમ્બના પ્રકાર ઓળખી શકે છે અને તેને નિષ્ક્રિય બનાવવા માટે પણ સમર્થ છે. બૉમ્બ નિષ્ક્રિય કરતી વખતે સંબંધિત વ્યક્તિઓ સામે જીવનું જોખમ ઊભું થાય છે, પરંતુ રૉબોટ દ્વારા બૉમ્બ નિષ્ક્રિય કરતા આ જોખમ રહેશે નહીં. ચંડીગઢમાં પહેલાથી આ રૉબોટ ઉપર પ્રયોગ કરવામાં આવ્યા છે અને બે રૉબોટના ઑર્ડર પણ આપી દીધા છે. રૉબોટને રિમોટ કન્ટ્રોલ દ્વારા ઑપરેટ કરી શકાશે. તેમાં કાતર, ટોર્ચ, વૉટર ડિસ્પેન્સર્સ તથા અન્ય સાધનો ઉપલબ્ધ હશે. તેને ૧૦૦ મીટરના અંતરથી ઑપરેટ કરી શકાશે. તે બૉમ્બને નિષ્ક્રિય કરી તેને પોતાની સાથે લાવી શકે છે, એમ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ૨૦૧૬માં બૉમ્બ ડિસ્પૉઝલ માટે રૉબોટનો ઉપયોગ કરવાની યોજના બનાવવામાં આવી હતી.

ચંડીગઢની ખાનગી કંપની સિક્યોરિટી ડિફેન્સ સિસ્ટમે મુંબઈ પોલીસ સાથે આ માટે કરાર કર્યા હતા અને કંપની દ્વારા જરૂરી રૉબોટ પૂરા પાડવામાં આવશે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

વિશ્વમાં ઘણા પોલીસ દળ દ્વારા બૉમ્બ નિષ્ક્રિય કરવા માટે રૉબોટનો ઉપયોગ કરવામાં આવે છે. આ રૉબોટ કોઇ પણ શંકાસ્પદ વસ્તુઓને પારખવા માટે સક્ષમ છે. પોલીસ દૂર રહીને પણ કોઇ પણ જાનહાનિ વગર બૉમ્બને તેની મદદથી નિષ્ક્રિય કરી શકે છે. ■

**સહારા હોલીડેઝ ને**

અભિનંદન..... આભાર...... શુભેચ્છા.
એકવારની ટુરથી બન્યો કાયમનો નાતો.
સહારા હોલીડેઝ આયોજીત ટુરમાં અમે ૨૧ જણા વિયેટનામ-કંબોડીયા ફરવા જોડાયા હતાં. ટુરના આયોજકોએ મુંબઇથી મુંબઇ સુધીનું ટુર ગાઇડ અને લેકલ ગાઇડ સાથેનું સુંદર આયોજન કર્યું.
જેમાં પ્લેનની ટીકીટનું બુકીંગ
❖ લક્ઝરીયસ હોટલ બુકીંગ ❖ લક્ઝરીયસ વાહન ❖ સ્વાદિષ્ઠ ભોજન
❖ રસપ્રદ સાઇટ સીઇંગ ખૂબ જ વ્યવસ્થિત રીતે કરાયું. અમને સૌને અવિસ્મરણીય યાદોની ભેટ આપનારા આયોજકોને ખૂબ ખૂબ અભિનંદન અને ભવિષ્યમાં આનાથી પણ ઊત્કૃષ્ઠ આયોજનો કરી શકે એવી શુભેચ્છા.
અમે મિત્રો
Dinkar Gogri - Saiko Keisho • Trade Combine
Ramesh Goradia - Raw Pharma
Hasmukh Bhimjiyani - Trupti Farshan
Sahara Holidays
Contact
+ 9122 42969696 (10 Lines)
saharatravels4@yahoo.com
SIBA

‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર)ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957** "MUMBAI SAMACHAR" newspaper (Periodicity-Daily) Printed and Published at their press "Mumbai Samachar" by Mr. Meherwanji Rustomji Cama at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 on behalf of the owners The Bombay Samachar Pvt. Ltd. Editor *Mr. Nilesh Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957**